**<u>વાદીની આંક–૫ ની સી. પ્રો. કોડ ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા કલમ ૧૫૧ મુજબની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અંગેની અરજી નીચેનો હુકમ</u>**

(૧) આ કામમાં આંક–૫ થી વાદીઓ દ્વારા હાલની મનાઈ અરજી લાવવામાં આવેલ છે અને આંક–૧ થી પ્રતિવાદીઓ સામે જે દાવા અરજી કરેલ છે તેની સાથે વચગાળાની દાદ માંગતી અરજી કરેલ છે. આ કામના વાદીઓએ તેમની આ મનાઈ અરજીમાં મોટા ભાગની હકીકતો તેની આંક–૧ ની દાવા અરજીને લગતની હકીકતોના સમર્થનમાં જણાવેલ છે. બંને પક્ષોના પક્ષનિવેદન તથા રેકર્ડ ઉપરના પુરાવા તથા સમગ્ર રેકર્ડ અને બંને પક્ષોની દલીલ ધ્યાને લેવામાં આવેલ છે. મનાઇ અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

(૨) **<u>અરજીની ટુંકમાં હકીકત :–</u>**

મોજે ગણદેવી નગરપાલિકા હદ વિસ્તારના કડીયાવાડ મહોલ્લામાં ચાલી આવેલ સીટી સરવે દફતરે નોંધાયેલ શીટ નં. ૫/૫, સીટી સર્વે નં. ૨૬ થી ચાલી આવેલ કુલ ક્ષેત્રફળ ૯૨.૮૧૦૪ ચો.મી. (ચોરસવાર ૧૧૧) વાળી સત્તા પ્રકાર વાળી ચાલી આવેલ ખુલ્લી જમીન વાળી મિલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના અંગભૂત હકક હિત સહીતની મિલકતમાં ચાલી આવેલ શાંત, પ્ર ત્યક્ષ, કબજા–ભોગવટામાં હસ્તે પરહસ્તે દખલ હરકત અટકાયત કરે કરાવે નહી તથા દાવાવાળી મિલકતમાં ચાલી આવેલ શાંત પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી વાદીને કાયદેસરની પ્રક્રિયા કર્યા સિવાય દૂર કરે કરાવે નહી તેમજ દાવાવાળી મિલકત આ કામના પ્રતિવાદીઓ વેચાણ ગીરો, બક્ષીસ કે ભાડાપટ્ટાના કરારોથી યા અન્ય કોઈપણ રીતે ત્રાહિત ઈસમોના લાભમાં તબદીલ કરે કરાવે નહી તથા દાવાવાળી મિલકતોની સ્થળ સ્થિતીમાં ફેરફારો કરે કરાવે નહી તથા દાવાવાળી મિલકતોમાં

કાચા–પાકા બાંધકામો કરે કરાવે નહી. એવો દરમિયાન મનાઈ હુકમ મેળવવા માટે અરજી કરેલ છે.

(૩) પ્રતિવાદીઓ તરફથી આંક–૦૮ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીઓ તરફથી તેમના લેખિત જવાબમાં વાદીની દાવા અરજી હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી નકારેલ છે. વધુમાં જણાવેલ છે કે, ખરી હકીકતમાં હાલના જવાબ સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા હાલના જવાબમાં નીચેના પેરાઓમાં દર્શાવ્યા મુજબની કાયદાકીય જોગવાઈઓ તથા દર્શાવવામાં આવેલ હકીકતો જોતાં વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે કોઈ સાટાખત યાને વેચાણ કરાર થયેલ ન હોય તથા વેચાણ અવેજની કોઈ રકમ પ્રતિવાદીઓએ સ્વિકારેલ ન હોય તથા કોઈપણ પ્રકારે મૌખિક સાટાખત યાને વેચાણ કરાર કે શરતો નકકી કરેલ નથી. જેથી કોઈ લેખિત કે મૌખિક કરારનો વિશેષ અમલ કે વેચાણ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો પ્રશ્ન રહેતો ન હોય કે ઉપસ્થિત થતો ન હોય તેવા સંજોગોમાં તેવી કોઈ ખોટી હકીકતોવાળી કોઈ નોટીશનો જવાબ આપવા કાયદેસર રીતે પ્રતિવાદીઓ બંધાયેલા ન હતા કે નથી. ખોટી હકીકતોનો જવાબ નહી આપવા માત્રથી વાદીની રજુઆતો સાચી હોવાનું પુરવાર થતું નથી કે તે ધ્યાને લેવા પાત્ર બનતી નથી. જે તમામ સંજોગોમાં વાદીનો હાલનો દાવો રદ્દ થવાને પાત્ર છે. ખરી હકીકતમાં હાલનો દાવાના જવાબમાં દર્શાવેલ સંજોગો, હકીકતો અને કાયદાકીય જોગવાઈઓને એકત્ર રીતે જોતાં સમયમર્યાદા બહારનો છે તથા વાદીએ જણાવેલ હોય તેવું દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલું કે ચાલુ રહેલું ન હતું કે નથી. જેથી વાદીનો હાલનો દાવો રદ્દ થવાને પાત્ર છે. વધુમાં જણાવેલ છે કે, વાદીએ રૂા. ૧૯,૦૦,૦૦૦/– પરત મેળવવા માટે દાદ માંગી છે. નાણાં પરત

મેળવવા માટે ત્રણ વરસની સમયમર્યાદા કાયદામાં નક્કી કરવામાં આવેલ છે. ઉપરોકત પેરામાં દર્શાવેલ હકીકતો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં તા. ૨૮/૧૨/૨૦૧૭ યા તે પહેલા લેણાં પરત કરવાની સમય મર્યાદા શરૂ થઈ ગયેલ છે. જેથી પણ બાકી લેણાંની માંગણી સમય મર્યાદામાં ન હોય હાલનો દાવો નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) વાદી તરફે વિ.વ.શ્રી. એ. પી. મહેતાએ આંક–૨૨ થી દરમ્યાન મનાઈ અરજ સબંધે લેખિત દલીલ રજૂ કરેલ છે જે ધ્યાને લીધી.

(૫) પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી. એન. બી. નાયકે આંક–૨૪ થી લેખિત દલીલ રજૂ કરેલ છે જે ધ્યાને લીધી. તેમજ લેખિત દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ કરેલ છે જે માનસહ વંચાણે લીધી.

- ➔ 1997 (1) G.L.H. 841 = 1997 (2) GLR- 1755 = 1997 (3) GCD- 418 GUJ. = AIR 1998- GUJ.-17, Navalram Laxmidas Devmurari V/S Vijayaben Jayvantbhai Chavda.
- ➔ 2001 (0) GLHEL SC 19516, Nawal Kishore Tulara V/S Dinesh Chand Gupta.
- ➔ 2016 (3-4) SBR 16 = 2016 (1) CCC 80, Satishkumar V/S Karan Singh and Another.
- ➔ [2014 (136) AIC 314 (MAD. HC- M.B.)], T. Sivaperumal and S. Viswanathan and Others.
- ➔ [2011 (107) AIC 1 (SC)], Suraj Lamp and Industries (P.) Ltd. Through Director.
- ➔ 2010 (1) GLH 302, Shashikant Natvarlal Patel and Anr. V/S Arvindbhai Bhupatbhai Gohil nad Ors.

➔ 2022 (2) LLJ 569- AUGUST, 2019 (1) LLJ 109, LLJ Vol.1 .:I Issue 4 LLJ 2022 (2) LLJ AUGUST Law Guru 41,

➔ Smt. Naranamma V/s Govindappa.
Supreme Court 2019

(૬) દાવાનું પક્ષ નિવેદન, દસ્તાવેજી આધાર તથા દલીલો ધ્યાને લેતા હાલની અરજીના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**::– મુ દ્દા ઓ –::**

**1.** શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે ?

**2.** શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

**3.** શું મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન વાદી ને થાય તેમ છે ?

**4.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

**1.** હકારમાં

**2.** હકારમાં

**3.** હકારમાં

**4.** આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૮) મુદા નં. ૧ થી ૩ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોવાથી એકની એક હકીકતોનું પુનરાવર્તન ટાળવા અત્રે એકસાથે ચર્ચા કરવામાં આવેલી છે. એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજી થી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની

દાદ માગેલ છે,જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે.આમ છતા, આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતો ને ધ્યાને લેવાના રહેછે.એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા  પર આધાર ન રાખતા, સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર પ્રથમ દર્શનિય રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમદર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો પક્ષકારોને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ધ્યાનમા રાખવી જરૂરી બનેછે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ધ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બનેછે. એ પણ સ્થાપિત છે કે, ઉપરોકત પૈકી કોઈપણ એક તત્વ ની ગેરહાજરી મા પણ સમન્યાયની દાદ આપી શકાય નહી.  આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરુ છું.

(૯) આ કામે સૌ પ્રથમ વાદીઓ તરફે તેમની દરમ્યાન મનાઈ હુકમ માટેના ત્રણેય આવશ્યક તત્વો પુરવાર કરવા માટે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતા વાદી તરફે પોતાની દાવા અરજી સાથે આંક–૩ના લીસ્ટથી કેટલાક દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે જેમાં માર્ક–૩/૧ થી વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ દાવાવાળી મિલકતનો નોટરી પબ્લીક રૂબરૂ કરવામાં આવેલ સાટાખત

ની નકલ રજૂ કરવામાં આવેલી છે. સદર સાટાખત ની નકલ રજૂ કરવામાં આવેલી નકલ સાથે દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ રજૂ થયેલ છે. માર્ક–૩/૨ થી ૩/૪ સૂધી આ કામના વાદી તર્ફે પ્રતિવાદીને આપવામાં આવેલ નોટીસ તેમજ પોષ્ટ ખાતાની રસીદ અને ડીલીવરી રીપોર્ટ રજૂ કરવામાં આવેલ છે.

(૧૦) પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી. એન. બી. નાયકે લેખિત દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ કરેલ છે.

- ➔ 1997 (1) G.L.H. 841 = 1997 (2) GLR- 1755 = 1997 (3) GCD- 418 GUJ. = AIR 1998- GUJ.-17, Navalram Laxmidas Devmurari V/S Vijayaben Jayvantbhai Chavda.
- ➔ 2001 (0) GLHEL SC 19516, Nawal Kishore Tulara V/S Dinesh Chand Gupta.
- ➔ 2016 (3-4) SBR 16 = 2016 (1) CCC 80, Satishkumar V/S Karan Singh and Another.
- ➔ [2014 (136) AIC 314 (MAD. HC- M.B.)], T. Sivaperumal and S. Viswanathan and Others.
- ➔ [2011 (107) AIC 1 (SC)], Suraj Lamp and Industries (P.) Ltd. Through Director.
- ➔ 2010 (1) GLH 302, Shashikant Natvarlal Patel and Anr. V/S Arvindbhai Bhupatbhai Gohil nad Ors.
- ➔ 2022 (2) LLJ 569- AUGUST, 2019 (1) LLJ 109, LLJ Vol.1 .:I Issue 4 LLJ 2022 (2) LLJ AUGUST Law Guru 41,
- ➔ Smt. Narananamma V/s Govindappa.
  Supreme Court 2019

સદર તમામ પ્રતિવાદી તર્ફે રજૂ કરવામાં આવેલ જજમેન્ટમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે, હાલના

દાવાની મનાઈ અરજીના હકીકત અને સંજોગો તેમજ ઉપરોક્ત રજૂ કરેલ જજમેન્ટની હકીકત અને સંજોગો અલગ હોવાથી તે પ્રતિવાદીને હાલના દાવાની વચગાળાની મનાઈ અરજીના કામે મદદરૂપ નથી.

(૧૧) હાલના દાવાની વચગાળાની મનાઈ અરજીના તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત તેમજ નામ. પંજાબ હાઈકોર્ટના નીચે મુજબના જજમેન્ટમાં ઠરાવવામા આવેલ રેસિયો મનાઈ અરજીના કામે ન્યાય નિર્ણય માટે અગત્યનો હોઈ અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

- **R.HEMALATHA...APPELLANT(S)VERSUS KASHTHURI ...RESPONDENT(S), IN THE SUPREME COURT OF INDIA 10 April, 2023, CIVIL APPEAL NO. 2535/2023**

12. At this stage, it is required to be noted that the proviso to Section 49 came to be inserted vide Act No.21 of 1929 and thereafter, Section 17(1A) came to be inserted by Act No. 48 of 2001 with effect from 24.09.2001 by which the documents containing contracts to transfer or consideration any immovable property for the purpose of Section 53 of the Transfer of Properties Act is made compulsorily to be registered if they have been executed on or after 2001 and if such documents are not registered on or after such commencement, then there shall have no effect for the purposes of said Section 53A. So, the exception to the proviso to Section 49 is provided under Section 17(1A) of the Registration Act. Otherwise, the proviso to Section 49 with respect to the documents other than referred to in Section 17(1A) shall be applicable.

13. Under the circumstances, as per proviso to Section 49 of the Registration Act, an unregistered document affecting immovable property and required by Registration Act or the Transfer of Property Act to be registered, may be received as evidence of a contract in a suit for specific performance under Chapter-II of the Specific Relief Act, 1877, or as evidence of any collateral transaction not required to be effected by registered instrument, however, subject to Section 17(1A) of the Registration Act. It is not the case on behalf of either of the parties that the document/ Agreement to Sell in question would fall under the category of document as per Section 17(1A) of the Registration Act. Therefore, in the facts and circumstances of the case, the High Court has rightly observed and held relying upon proviso to Section 49 of the Registration Act that the unregistered document in question namely unregistered Agreement to Sell in question shall be admissible in evidence in a suit for specific performance and the proviso is exception to the first part of Section 49.

- **Ram Kishan And Another vs Bijender Mann Alias Vijender Mann, Punjab-Haryana High Court**

2013(3)**CCC** 376 (**P**&**H**)

Hon´ble High Court has hold as under:

"(a) a suit for specific performance, based upon an unregistered contract/agreement to sell that contains a clause recording part performance of the contract by delivery of possession or has been executed with a person, who is already in possession shall not be dismissed for want of registration of the contract/agreement;

(b) the proviso to Section 49 of the Registration Act, legitimises such a contract to the extent that, even though unregistered, it can form the basis of a suit for specific performance and be led into evidence as proof of the agreement or part performance of a contract.

We, therefore, express our respectful disagreement with the judgment in Gurbachan Saini Pushpinder 2013.09.24 17:22 I attest to the accuracy and integrity of this document High Court Chandigarh Singh vs. Raghubir Singh(supra) and affirm the judgment in Mool Chand Mindhra v. Smt. Indu Bala, P.L.R, 378 (R.S.A.No.2056 of 2011). The reference is answered accordingly. The appeal be set down for hearing, as per roster".

**(૧૨)** વાદી તરફે પોતાની દાવા અરજી સાથે આંક–૩ના લીસ્ટથી કેટલાક દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે જેમાં માર્ક–૩/૧ થી વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ દાવાવાળી મિલકતનો નોટરી પબ્લીક રૂબરૂ કરવામાં આવેલ સાટાખત ની નકલ રજૂ કરવામાં આવેલી છે. સદર સાટાખત ની નકલ રજૂ કરવામાં આવેલી નકલ સાથે દાવાવાળી મિલકતના પ્રોપર્ટી કાર્ડની નકલ રજૂ થયેલ છે. માર્ક–૩/૧ થી વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ દાવાવાળી મિલકતનો નોટરી પબ્લીક રૂબરૂ કરવામાં આવેલ સાટાખત વંચાણે લેતા આ કામના વાદી દ્વારા આ કામના પ્રતિવાદીને મોજે ગણદેવી નગરપાલિકા હદ વિસ્તારના કડીયાવાડ મહોલ્લામાં ચાલી આવેલ સીટી સરવે દફતરે નોંધાયેલ શીટ નં. ૫/૫, સીટી સર્વે નં. ૨૬ થી ચાલી આવેલ કુલ ક્ષેત્રફળ ૯૨.૮૧૦૪ ચો.મી. (ચોરસવાર ૧૧૧) વાળી સત્તા પ્રકાર વાળી ચાલી આવેલ ખુલ્લી જમીન વાળી મિલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના અંગભૂત હકક હિત સહીતની મિલકત ના અવેજ પેટે રૂ.૧૯,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ઓગણીશ લાખ) આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧૩) દાવાવાળી મિલકતનો નોટરી પબ્લીક રૂબરૂ કરવામાં આવેલ સાટાખત અનરજીસ્ટર્ડ હોય તો પણ પુરાવામાં ધ્યાને લઇ શકાય છે અને સ્પેશિફીક પરર્ફોમન્સ ઓફ કોન્ટ્રાક્ટ નો દાવો પણ થઇ શકે છે, તેમ નામ. સર્વોચ્ચ અદાલત તેમજ નામ. પંજાબ હાઇકોર્ટના ઉપર ચર્ચા કર્યા મુજબના પેરા નં.૧૧ ના જજમેન્ટમાં ઠરાવવામાં આવેલ છે. માર્ક–૩/૧ થી વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ દાવાવાળી મિલકતનો નોટરી પબ્લીક રૂબરૂ કરવામાં આવેલ સાટાખતમાં દાવાવાળી મિલકતનો આ કામના પ્રતિવાદીઓ દ્વારા વાદીને કબજો સોપેલાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર સાટાખતની ખરાઇ બાબતે પ્રતિવાદી તરફે લેખિત જવાબમાં કેટલાક વાંધા લેવામાં આવેલ છે પરંતુ તે સાટાકરાર ખોટો હોવાનો સાબિતીનો બોજો પ્રતિવાદી પર છે. જે વિસ્તૃત પુરાવાઓ લીધા બાદ પુરાવાના મુલ્યાંકન વખતે ફાઇનલ જજમેન્ટમાં ડિસાઇડ થઇ શકે તેમ છે. આ વચગાળાના મનાઇ હુકમના તબક્કે કોઇ વિસ્તૃત પુરાવાઓ લેવામાં આવતા નથી. આમ આ તબક્કે માર્ક–૩/૧ થી વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ દાવાવાળી મિલકતનો નોટરી પબ્લીક રૂબરૂ કરવામાં આવેલ સાટાખત વંચાણે લેતા વાદી દ્વારા અવેજની રકમ ચૂકવી, ધોરણસર દાવાવાળી મિલકતનો કબજો લેવાયેલ હોવાનો વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાય છે. વાદીએ દાવાવાળી મિલકત ના અવેજ પેટે રૂ.૧૯,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ઓગણીશ લાખ) આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ હોઇ સગવડ અગવડની સમતુલા પણ વાદીના તર્ફે છે કારણકે મનાઇ હુકમ ન આપવાથી પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત ત્राહિત વ્યક્તિને ટ્રાન્સફર કરેતો વાદીના કાનુની અધિકારોને ખૂબજ ગંભીર નુકસાન પહોચી શકે તેમ છે અને હુકમાનામું બિન અમલી થઇ જાય તેમ જણાય છે અને વાદીને વધુ દાવા દુવીમાં ઉતરવુ પડે તેમ છે. તેમજ સાટાખત મા જણાવયા મુજબ અવેજ પ્રતિવાદીએ લીધેલ હોઇ મનાઇ હુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઇ નુકસાન થાય તેમ જણાતુ નથી. ઉપરાંત વચગાળાનો મનાઇ હુકમ ન આપવાથી વાદીને તેમજ તેના પરિવારને ઘણી બધી શારીરીક, આર્થિક

તેમજ માનસિક હાર્ડશીપ ભોગવવી પડે તેમ છે જેથી વાદીને તેમજ તેમના પરિવારને નણાંમાં ન માપી શકાય તેવું નુકશાન થાય તેમ જણાય છે. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ કામના વાદી મુદા નં.૧ થી ૩ સાબિત કરવામાં સફળ રહેલ હોઈ મુદદા નં.૪ લગત નીચે મુજબ અંશતઃ આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

## <u>આખરી હુકમ</u>

➔ વાદીની મનાઈ અરજી અંશતઃ મંજુર કરવામા આવે છે.

➔ આ કામે બંને પક્ષકારોને હુકમ કરવામા આવે છે તેઓએ દાવાવાળી મિલકત યાને મોજે ગણદેવી નગરપાલિકા હદ વિસ્તારના કડીયાવાડ મહોલ્લામાં ચાલી આવેલ સીટી સરવે દફતરે નોંધાયેલ શીટ નં. ૫/૫, સીટી સર્વે નં. ૨૬ થી ચાલી આવેલ કુલ ક્ષેત્રફળ ૯૨.૮૧૦૪ ચો.મી. (ચોરસવાર ૧૧૧) વાળી સત્તા પ્રકાર વાળી ચાલી આવેલ ખુલ્લી જમીન વાળી મિલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના અંગભૂત હકક હિત સહીતની મિલકતમા દાવાનો આખરી નિકાલ ન થાય ત્યા સુધી **યથાવત સ્થિતી (Status Quo)** જાળવી રાખવાનો આથી હુકમ કરવામા આવે છે.

➔ ખર્ચ દાવાના આખરી પરીણામને અનુશરશે.

હુકમ આજ રોજ ખુલી અદાલતમા વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૧/૦૯/૨૦૨૩
ગણદેવી

**(મહેશકુમાર આર.ઠક્કર)**
જી.જે.૦૦૯૬૩
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ,
ગણદેવી, જી.નવસારી